૬૨૮

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા



16000 74

# સંપાદકોનું કથન

સંપાદન: ગિજુભાઈ ◆ તારાબેન

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# સંપાદકોનું કથન

: લેખિકા :

તારાબેન

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

મુદ્રણો
સાતમું : માર્ચ ૧૯૬૬

મૂલ્ય : પચાસ પૈસા

[ ૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦ ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય માળા
▽
પુસ્તક ૮૦ મું

## સંપાદકોનું કથન

ગુનો કર્યો હોય તો જવાબ પણ દેવો પડે. આ માળા ઊભી કરી; એકીસાથે દોઢથી બે લાખ જેટલી પુસ્તિકાઓ દુનિયામાં ફેંકી; કેટલાંએક ઘરોનાં બાળકોને એક ગુચ્છ આવે એટલે બીજા ગુચ્છની રાહ જોતા કર્યા. આ બધાંને માટે અમારે જવાબ દેવો જ પડે. દુનિયાને અને ખાસ કરીને બાળનિયાને કોઈ પણ રીતે સ્પર્શવા નીકળનારની પાસે તેમ કરવાનો તેને અધિકાર છે, તે તેણે વિચારી જ લેવું જોઈએ. માળાની આ છેલ્લી ચોપડીમાં અમે અમારું કથન કહી દઈએ છીએ. માળા ગૂંથવાનું શું પ્રયોજન અને તે કામ અમે કેમ ઉપાડયું, તેનો અહીં ખુલાસો કરી છૂટીએ.

રોજના છ કલાક–ઓછામાં ઓછા છ કલાક અમે બાળકો સાથે વસીએ છીએ; તેમનામાંના એક તરીકે તેમની

સાથે વખત ગાળીએ છીએ; દિવસનો બાકીનો ભાગ તેમને જોઈતી જરૂરિયાતો કેમ પૂરી પાડી શકાય તેના ચિંતનમાં કાઢીએ છીએ અને જુદી જુદી યોજનાઓ યોજીએ છીએ. આ અમારો નિત્યક્રમ.

અમે એક યોજના વાચન પરત્વે અજમાવી. એ યોજના સફળ નીવડી. ગુજરાતનાં ઇતર બાળકોને ચરણે તે ધરવાનું અમને સૂઝ્યું અને એ રીતે આ માળા જન્મી.

આ માળાનું આ જ પ્રયોજન. અમારી તે માટેની યોગ્યતા અયોગ્યતાનો નિર્ણય અમારા હાથમાં નથી. અમારું લખેલું બાળકો વાંચે છે, હોંશેહોંશે વાંચે છે, અધીરાઈથી આગળની ચોપડી માટે રાહ જુએ છે, એ ઉપરથી અમારી યોગ્યતા સિદ્ધ થતી નથી. પોતાનાં ભજિયાંકચોરી કે જલેબીપેંડાથી કંદોઈ પ્રજાને ગાંડી કરી શકે છે, પણ તેટલા પરથી પ્રજાને તે તંદુરસ્ત ખોરાક આપે છે એવો દાવો ન થઈ શકે. અમે બાલમાનસનાં અભ્યાસી છીએ માટે અમને માળા કાઢવા અધિકાર છે એમ પણ અમે કેમ કહીએ? બાલમાનસના અભ્યાસીઓ બાલમાનસને યોગ્ય એવું સાહિત્ય ઉપજાવી જ શકે એવું કાંઈ નથી. વળી જ્યારે માનસશાસ્ત્રની આજની સ્થિતિએ મોટામાં મોટા કોઈપણ શાસ્ત્રી પણ એવો દાવો કરતાં અચકાય કે આ જ વસ્તુ યોગ્ય છે ને આ જ તંદુરસ્ત છે, અથવા આનું આમ જ છે ને આનું તેમ જ છે, ત્યારે અમારા જેવાં સાધારણ અભ્યાસીઓ તો કેમ જ કહી શકે?

અમારો દાવો એક જ હોઈ શકે કે બાળકો માટે

તંદુરસ્ત વાચન હોવાની જરૂર અમને પૂરેપૂરી ભાસી છે. તેમની ઊગતી જિજ્ઞાસા શું શું માગતી હતી તે અમે નજરોનજર જોઈ શકતાં હતાં. જોઈતા સાહિત્ય અભાવે અમારે તે લખીને પૂરું પાડવું પડ્યું. બાળકોએ તે પ્રેમથી વાંચ્યું. સામાન્યતઃ તેમને તે લાભદાયી થતું દેખાયું; એટલે ઇતર બાળકો માટે તે બહાર પાડ્યું. તેમાંથી સાચું હશે એટલું ટકશે અને ખોટું હશે તે કાળે કરીને નાબૂદ થશે–જલદી નાબૂદ થાય એમ ઇચ્છીએ.

'માળા' શરૂ કરતાં અમને ઘણા વિચારો આવેલા; અમારે ઘણા પ્રશ્નોનાં અમારા પૂરતા નિર્ણયો કરવા પડેલા. આજે વાચકો આગળ તે મૂકી દેવાનું અમને યોગ્ય લાગે છે. બાલસાહિત્યની આ માળાની પાછળ રહેલા સિદ્ધાંતોની જેટલી ચોખવટ થાય તેટલી શુદ્ધ સાહિત્યના નિર્માણમાં મદદ થવાની છે એમ અમારું માનવું છે.

માળા શરૂ કરતા પહેલાં જે વિચાર સૌથી પહેલો આવ્યો તે એ કે બાળકના જીવનમાં વાચનનું શું સ્થાન હોઈ શકે? પુષ્કળ સાહિત્ય નિર્માણ કરીને બાળકને ખૂબખૂબ વાંચતું કરી દેવું યોગ્ય છે? બાળકને પુસ્તકનો કીડો બનાવવું ઇષ્ટ છે? અમને અંગત રીતે તો આવા ફિલસૂફો તરફ ખૂબ અણગમો છે. ટીકા તરીકે નહિ પણ અમારી 'રખડુ ટોળી' ના છેલ્લા ભાગમાં જે એક વાંચનાર બાળકનું ચિત્ર છે તેવી સ્થિતિ વાચન વધારવાથી બાળકમાં આવી જાય તે પ્રત્યે અમને બહુ અણગમો છે. પડ્યાં પડ્યાં નિરાંતે વાંચ્યા કરવું, મનમાં મનમાં ખુશાલી, નારાજી,

દેશપ્રેમ, દયા, ધર્મ વગેરે અનેક લાગણીઓ – ભલે ઉત્તમ લાગણીઓ અનુભવ્યા કરવી અને બે ઘડી મોજ મેળવીને હમેશની જિંદગીમાં એવા ને એવા જ પડવું, ત્યાં જ આજનું વાચન અટકે છે. વાંચ્યું તેનો જીવન સાથે સંબંધ જોડવો, તેને ક્રિયામાં ઉતારવું, તેને સફળ બનાવવું, એવું કશું દેખાતું નથી. અહીં જરા રશિયન કથાની સ્મૃતિ આપું. એક સરદાર બહુ જ રસથી કરુણાભરી સિનેમા ફિલ્મ જોતો હતો, જ્યારે તેનો ગાડીવાળો બહાર ઠંડીમાં ઠરતો હતો. ચિત્રપટમાં ગરીબીના હાલ જોઈ ને એ સરદારની આંખમાંથી આંસુ સરી પડતાં હતાં, એવામાં પેલો ગાડીવાળો પૂછવા આવે છે કે પોતે ઠંડીમાં ઠરે છે માટે ગાડી લઈ ને ઘેર જાય? શેઠ તેના પર ખિજાય છે. લાગણીના ઉત્કટ અનુભવના પ્રસંગે નોકરી આવીને રંગમાં ભંગ કેમ પડાય? ક્યાં શેઠનું કાવ્યમાં દયાનું જીવન અને ક્યાં એનું પ્રત્યક્ષ જીવન! મોટે ભાગે જીવનમાં કાવ્ય તથા સાહિત્ય આ પ્રકારનું કામ કરે છે. લાગણીનો ઊભરો અનુભવવો એ એક પ્રકારનો રસિક અનુભવ છે. બહુ જ રડાવે એવી ચોપડી વાચક બહુ જ સરસ ગણે છે. પણ ચોપડી વાંચીને રડ્યાથી શું? બે ઘડી લાગણી અનુભવવાની મજા લીધી ને ત્યાં કામ પૂરું! એવા નિષ્ફળ, વંધ્ય અનુભવો ઉત્તેજવામાં કશો જ સાર નથી. આજે આપણા જુવાનો જ્યાં નિષ્ક્રિય લાગણીવાળા થતા જાય છે ત્યાં શું બાળકોને પણ તે જ રસ્તે દોરવાનું

પાતક કરવું છે? અમારી આગળ આ ગંભીર પ્રશ્ન બહુ જ તીવ્રતાથી ઊભો રહ્યો હતો અને હજી યે છે. અલબત્ત, અમારા પૂરતો તેનો નિર્ણય અમારી પાસે છે; પણ દુનિયા પાસે તે ન હોય તો અમારી સાહિત્યમાળા પણ નિષ્ક્રિય, આળસુ અને બે ઘડી મોજ કરનારા એવા બાળવાચકો ઉત્તેજશે કે કેમ એવી બીક અમને રહ્યા જ કરે છે. એટલા જ માટે બાળકોનાં માબાપો વગેરે વડીલો આગળ આ મુદ્દો અમે પહેલાં સ્પષ્ટ કરીએ છીએ. અમારા પૂરતો નિર્ણય તો અમારા અનુભવમાંથી અમને મળ્યો છે. અહીંના બાલમંદિરમાં, અમારાં ઘરોમાં, બાળકોની આખા દિવસની પ્રવૃત્તિમાં સરાસરી કાઢીએ તો રોજ એકાદ કલાક પણ બાળક વાચનમાં કાઢતું અમે જોયું નથી. વાચનના ખૂબ શોખીન, ને જેમણે ઘણું વાંચ્યું છે એમ તપાસ કરતાં માલૂમ પડે છે, એવાં બાળકોની પણ અનેક ક્રિયાત્મક પ્રવૃત્તિ સાથે એક અમારા વખતની ઇતર પ્રવૃત્તિ તરીકે અમે વાચન જોયું છે. સંગીત, લડાઈ વગેરે પછી બાળકો સ્વતંત્રપણે ને સ્વપસંદગીથી જાતજાતની સર્જનાત્મક પ્રવૃત્તિ લે છે. કોઈ ચિત્ર દોરશે, કોઈ તકલી લેશે, કોઈ સીવણ તો કોઈ માટીકામ કરશે. ગણિત સાફસૂફ, પીરસવું, વાસણ ઊટકવાં બાગકામ, કસરત અને દેશી રમતો પણ ચાલે છે. ચાર કલાક જેટલા સમયની આ પ્રવૃત્તિઓમાં વાચનની પણ એક પ્રવૃત્તિ છે. અન્ય પ્રવૃત્તિઓ કરતાં કરતાં વાચનનો આનંદ પણ બાળકો લે છે. વાચનને જ

વળગીને તે બેસતાં નથી. કારણ એમ છે કે તેમની આગળ વાચનની જ એકલી પ્રવૃત્તિ નથી મુકાઈ; બાલભોગ્ય એવી ઘણી પ્રવૃત્તિઓમાં વચન એક હોઈ એની મેળે જ વાચનને પોતાનું યોગ્ય સ્થાન મળી જાય છે. ને જ્યારે એમ બને છે ત્યારે ઈઝીચૅર વાંચનાર બની જવાપણું કશું રહેતું જ નથી; અને હકીકતમાં રહ્યું પણ નથી. આ અનુભવ કહે છે કે બાલજીવનમાં વાચનને અવશ્ય સ્થાન છે; અને તેનો ભય પણ નથી. વળી વાચનને યોગ્ય સ્થાન મળે તો વાચન માત્ર એક ચલાવી લેવા જેવી પ્રવૃત્તિ છે એમ નથી, પણ ઘણી જ ઉપકારક પ્રવૃત્તિ છે. તેની મદદથી અમે તો અમારાં બાળકોનું કેટલા યે વિષયોનું જુદું શિક્ષણ આપવાનું કાઢી નાખી શકયાં છીએ. ફુરસદને વખતે પોતાની બુદ્ધિ-જિજ્ઞાસા માગે એવું ભૌગોલિક, વૈજ્ઞાનિક, ઐતિહાસિક અને કેટલુંય જ્ઞાન દ્વારા મેળવી શકે છે. તે આપવા માટે ખાસ શિક્ષકો રોકવાની જરૂર રહેતી જ નથી. બાળકોને શિક્ષક ઉપર આધાર રાખવાની જરૂર પણ રહેતી નથી. અમે ભૂગોળ શીખવતાં નથી પણ તેમને પ્રવાસે તો વારંવાર લઈ જઈએ છીએ. વિજ્ઞાન શીખવતાં નથી પણ વૈજ્ઞાનિક પ્રયોગો તેમની આગળ કરીએ છીએ, ને તેમને પોતાને પણ કરવાને રસ્તે મૂકીએ છીએ. જ્ઞાનના વિષયની ક્રિયાત્મક બાજુ અમે સંભાળીએ છીએ. પરિણામે વાચન માત્ર પડયાં પડયાં લેવાની મોજરૂપ 'ઈઝીચૅર એમ્યૂઝમેન્ટ' રહેતું નથી પણ ક્રિયાને પરિણામે સત્યો તારવી લેવાની અથવા

ક્રિયાને નવી બાજુ સુઝાડનારી એક વિશેષ પ્રવૃત્તિ બને છે. બરાબર સખત કામમાં રોકાયા પછીનું વાચન આનંદ અને આરામરૂપ બનવા ઉપરાંત જીવનની બીજી બાજુઓને સંસ્કારતું હોય છે. પુષ્કળ ક્રિયામાં રહેનાર બાળકનું મન આમ એક કલાકના વાચન વખતે સાવ નિષ્ક્રિય કે આળસુ રહી જ શકતું નથી; તે તેમાંથી કાંઈ ને કાંઈ તો મેળવે જ છે. તે ક્રિયાની દિશા ન મેળવતું હોય, વૈજ્ઞાનિક સત્યો ન તારવતું હોય તોપણ લાગણીની સંસ્કારિતા મેળવતું હોય છે, બુદ્ધિની ઝીણવટ કે વિનોદની ઝમક મેળવતું હોય છે. એમ કાંઈ ને કાંઈ મેળવે છે.

બાળપણથી જ વાચનને જીવનમાં યોગ્ય સ્થાન આપવામાં ભાવિ તંદુરસ્ત પ્રજાજીવનનું બીજ દેખાય છે. આજે આપણે ત્યાં વાંચનાર વર્ગ આળસુ, પરજીવી, લાગણીના નિષ્ફળ ફુવારા ઉડાડનાર, પરાવલંબી, એવો છે જ્યારે કામ કરનાર વર્ગને પોતાને જોઈતું જ્ઞાન પણ કેમ મેળવી લેવું તેની ખબર નથી. નિરક્ષરતાને કારણે તે દુનિયાની હિલચાલથી દૂર છે, અસંસ્કારી છે, અજડ છે, ગંદો છે, અજ્ઞાની છે. તંદુરસ્ત જીવનની દિશા આ બેનો મેળ કરવામાં દેખાય છે. બધા માણસો ખેડૂત કે કારીગરોની જેમ સવારસાંજ પોતાની પૂરતી શક્તિ વાપરીને પૂર્ણ એકાગ્રતાથી કાંઈ પણ ક્રિયા કરવામાં અને બપોરનો આરામનો વખત તેઓ મનગમતા વાચનમાં કાઢે તો શ્રમજીવી અને બુદ્ધિજીવી જીવનનો મેળ ઊઘડે. વાચનને જીવનમાં યોગ્ય સ્થાન આપીએ

એમાં એનો રસ્તો દેખાય છે. આનો પાયો બાલ્યાવસ્થાથી નખાવો જોઈએ એવો નિર્ણય અમે સ્વીકાર્યો.

બીજો સવાલ કેવું વાચન આપવું એનો આવ્યો. બાળકો માટે વાર્તાની ખૂબ હિમાયત થતી તેથી, કે વાર્તા સૌની પ્રિય વસ્તુ છે તેથી, કે વાર્તાનું સાહિત્ય નિર્માણ કરવું સહેલું છે માટે, કે ગમે તે કારણે પણ બાળકો માટે વાર્તાઓનું સાહિત્ય ઠીકઠીક પ્રમાણમાં નીકળતું દેખાતું હતું. કંઈક એમ પણ બીક લાગેલી કે વાર્તાની જ અતિશયતા થઈ ન જાય ! વાર્તા જોઈએ માટે બાલસાહિત્યમાં ગમે તે વાર્તા પેસી ન જાય ! વાર્તાનું ખૂબ ચાલ્યું તેથી બાલસાહિત્યની બીજી અનેક રસિક બાજુઓ તદ્દન પડી રહેલી જણાઈ. બાલસાહિત્યની ઘણી દિશાઓ ઉઘાડવાની આવશ્યકતા આ માળા કાઢવાની પાછળ છે એમ દેખાશે. માળામાં ઘણું ખરું દિશાસૂચન પૂરતું જ કામ દેખાશે. અને છતાં બીજી કેટલી યે દિશા હજી ઊઘડવાની જ રહી ગઈ છે, પૂરું સૂચન પણ થયું નથી, એમ પણ દેખાશે, માનવહૃદય એટલું વિવિધ ને તરંગી છે, એની બુદ્ધિ એટલા વિવિધ વિષયો પર ફરી વળે છે, એની લાગણીઓ એટલા પ્રકારના રંગો અને છાયારંગો માગે છે કે સાહિત્યનો પ્રદેશ વિસ્તીર્ણ થઈ જાય છે. બાળકમાં સમગ્ર મનુષ્ય રહેલો હોવાથી બાલસાહિત્ય પણ આ બધી વિવિધતા માગે છે. ભલે બાલમાનસને તથા તેની બુદ્ધિશક્તિને અનુકૂળ એવી રીતે, પણ આ બધું તે માગે તો છે જ.

આથી જ બાલસાહિત્ય માત્ર એક જ દિશામાં વધવાથી હાનિ થાય. એકાંગી સાહિત્ય બાળકોની ઊગતી ભૂખ નથી ભાંગી શકતું; તેવું સાહિત્ય વધારે વધી જાય તો કાં તો બાળકોને તેમાંથી રસ ન મળવાથી તેઓ દૂર ભાગે ને કાં તો અમુક વિકૃત દશામાં આવી પડે, અથવા વાચનની સુરુચિ ખોઈ બેસે. વાચક–વિચારક જોઈ શકશે કે આ માળાએ ઘણી નવી દિશાઓ ખોલવાનો અદનો પ્રયત્ન કર્યો છે. બાલમાનસની ઘણી જાતની જરૂરિયાતોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. મનુષ્યમાનસ વિનોદ માગે, કાવ્યો માગે, વિવિધ જ્ઞાન માગે, ને વાત તો સૌ તરત સ્વીકારે. પણ તે 'ગપગોળા' જેવા ગપ્પા પણ માગે છે. બરાબર હોશિયારીથી કોઈ ગપ્પા મારે તો તેમાં યે એક પ્રકારનો બૌદ્ધિક આરામ ને તંદુરસ્ત આનંદ તે લે છે. વિચિત્રતા એ પણ એક રસ છે. અશક્યને ઉઘાડી રીતે કહેવા સાંભળવામાં યે રસ છે. બુદ્ધિ કોઈ કોઈ વાર આરામ લેવા ય માગે છે. હમેશાં કાર્યકારણ, સુયોગ્યતા અયોગ્યતા, શકયતા અશકયતાનું તોલન કરવામાં ગૂંથાયેલી બુદ્ધિ કદી કદી આરામ તરીકે આ બંધનો તોડીને બંધન વગરનો વિહાર કરી લેવાની મોજ લે છે. એમ છે છતાં આવા ગપગોળા બુદ્ધિને આરામ જ નહિ પણ બુદ્ધિને તીવ્ર વ્યાપાર આપનારા થઈ પડે છે; બાળકોની બુદ્ધિને તરત ચાલવા દે છે. એક તલસરા ઉપરથી આટલા બધા તલ કેમ ઊતરે? ગાડાં નાકમાં કેમ પેસી શકે? વગેરે કેટલા યે વિચારો,

વાર્તા સાંભળતાંની સાથે જ તે કરતાં જાય છે. આ શક્યતા નથી, આ સાચું નથી, આમાં અમુક જગ્યામાં ગપ્પો છે, તે નક્કી કરવામાં જ તેમને બુદ્ધિ વાપરવી પડે છે. આ રીતે બુદ્ધિ વાપરીને ગપ્પાને ગપ્પા તરીકે નક્કી કરવાની ક્રિયામાં જ આવી વાર્તાનો રસ રહેલો છે-વાર્તાનો લાભ રહેલો છે. આટલું તોલન ન કરી શકે તેઓ આવી વાર્તામાં રસ લઈ શકતાં નથી, તેમને માટે તે વાર્તા નથી.

વિવિધતા વિષે હવે જોઈએ. આ માળાની કક્ષા નક્કી કરવાનું કામ અઘરું છે. સામાન્યતઃ સાતઆઠથી અગિયારબાર વરસ સુધીનાં બાળકો માટે અમે તે ગણી છે. પણ કક્ષા થોડી જ કાંઈ સોનીને કાંટે જોખી શકાય છે? અમારાં અહીંનાં સાતથી નવ-દશ વર્ષનાં બાળકોને સામે રાખી માળાનું સામાન્ય ધોરણ રાખ્યું છે. વળી સહેલું અઘરું બધા પ્રકારનું વાચન અંદર સમાવવાનો પણ પ્રયત્ન છે. એટલે સામાન્યતઃ સાતથી અગિયાર સુધીની ઉંમરનાં બાળકો માટે એમાં વાચન છે. તેમાં ક્રમિક ગોઠવણ નથી. દરેક બાળક આખી માળામાંથી પોતાની કક્ષાનું તેમ જ પોતાના રસનું વાચન પોતાને માટે પસંદ કરી લે એવી જ એની યોજના છે. આ પાઠ્યપુસ્તકો નથી ઇતર વાચન છે; તેથી આ ક્રમિકતાનો અભાવ આજે તો ચલવી લેવા જેવો ગણાશે; બીજી આવૃત્તિમાં કદાચ એને કંઈક ક્રમમાં ગોઠવી શકાશે. પણ આખી માળા એવી જાતની છે કે તેમાં બહુ ઝીણવટથી ક્રમ ગોઠવી શકાશે નહિ.

માળામાં એક પ્રયત્ન એવો પણ છે કે તે બાળકોનું વાચન રહેવા છતાં – વિવિધ દિશાનું વાચન રહેવા છતાં, તે સાહિત્ય પણ રહે. માળાનું નામ બાલવાચનમાળા નથી પણ બાલસાહિત્યમાળા છે. બાળકો માટે લખવું એટલે સહેલું ને જોડાક્ષરો ન હોય એવું લખવું એમ મનાય છે. તેથી આગળ જઈએ તો કંઈક બોધપ્રદ લખવું, બાળકો સ્પષ્ટ સમજે માટે બોધ પણ તારવીને સ્પષ્ટ કરીને લખવો, એમ મનાય છે. એમ પણ મનાય છે કે જરા કાલું કાલું, જરા વાર્તા રૂપે, જરા સંવાદાત્મક હોય તો બાલસાહિત્ય બને. પરંતુ અમારું ધારવું આથી જુદું છે.

બાલવાચનમાં મોટાંઓના સાહિત્યના બધા ગુણો હોઈ શકે છે ને હોવા જોઈએ, માત્ર કક્ષાફેર હોય, વસ્તુફેર હોય, ભાષાફેર હોય; પણ તે સાહિત્ય તો હોય જ. તેમાં શૈલીની મનોરમતા હોય, ભાષાની ઝમક હોય, સમૃદ્ધિ હોય, કલા-વિધાન હોય; બાલસાહિત્યમાં ભાષાની કોમલતા હોય ને ગૌરવ પણ હોય; ભાષાનું રમઝમતું સંગીત હોય ને વિચારની સૂક્ષ્મ ઝીણવટ પણ હોય; હૃદયને ડોલાવે એવું ડોલન હોય તો સાથે સુંદર તોલન પણ હોય.

એમ માનવાનું કશું કારણ નથી કે બાળકો માત્ર સહેલું જ સમજી શકે છે, માત્ર ટૂંકું ને સહેલું લખીએ તો જ બરાબર છે. બાળકોનાં હૃદયો ઘણાં જ રસિક હોય છે. તે વિવિધ શૈલીમાં રસ લઈ શકે છે.

"ઝાડે ઝાડે ફૂલ છે;
ફૂલે ફૂલે પતંગિયું છે."

એ પાઠો રસપૂર્વક વાંચનારાં બાળકો 'ગણપતિ બાપા' માં કૈલાસનાં હિમશિખરોનાં વર્ણનો તથા શંકરપાર્વતીના યોગજીવનનું વર્ણન પણ રસિકતાથી વાંચી શકે છે, અને ચેલૈયાની ભારે શૈલીનો આનંદ પણ લઈ શકે છે.

"દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું;
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે, ભાઈ! ભાગો."

ની જોડકણાં વાર્તાનો રસ લેનાર બાળકો 'હરિશ્ચંદ્ર'ની વાર્તાની ગૌરવભરી શૈલીનો રસ પણ ચાખી શકે છે.

ભાષા અને શૈલીની બાબતમાં જેમ આ માળાને સાહિત્યમાળા બનાવવાનો પ્રયત્ન છે, તેમ જ રસની જમાવટમાં પણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીની વાચનમાળામાં ઘણી જાતની વાતો આવી છે. પણ શૂરાતનની વાત હોય તો બરાબર શૂરાતનનો રસ જમાવીને વાત કહી હોય એવું બાલવાચનમાં બહુ બનેલું જોયું નથી. એવું જ બીજા રસો પરત્વે પણ છે. કદાચ એવી માન્યતા હોય કે બાળકો રસમાં બહુ ન સમજે. પણ અનુભવ કહે છે કે બાળકો અનેક રસનો સ્વાદ લઈ શકે છે. એમ જોવામાં આવ્યું છે કે તેઓ 'જરા હસો' વાંચી જરા હસી શકે છે, તો 'મંગેશનો પોપટ' ની કરુણ કહાણી પણ સહૃદય-

તાથી સાંભળી મંગેશ સાથે બે આંસુ સારી શકે છે. તેઓ ‘મકનો ને રાક્ષસ’ની સાહસિક અદ્ભુત વાર્તાનો રસ લઈ શકે છે તો ‘ગોપીચંદ’ના વૈરાગ્યરસમાં પણ ઓતપ્રોત થઈ તેને સમજી શય છે; અને ‘તીરંદાજ’ની સાથે લોહી જરા ગરમ થતાં દેશપ્રેમની તીવ્રતા અનુભવી શકે છે, તેમ જ ‘છેટાં રહેજો, માબાપ’ વાંચી અન્યાય સામે તિરસ્કારનો ભાવ તેમનામાં ઉત્પન્ન થઈ શકે છે. માત્ર લખાણમાં તે તે રસને બરાબર ખીલવ્યો હોવો જોઈએ. આમ બાલવાચન પણ એક સ્વતઃ સાહિત્યની કૃતિ હોઈ શકે; તેમાં ભાષા, શૈલી ને રસ ત્રણને પૂરેપૂરો અવકાશ છે.

આ માળાની યોજના પાછળ બીજો પણ એક વિચાર છે. તે કેટલે અંશે સફળ છે તે વાત જુદી છે. બાલવાચન આ દૃષ્ટિથી લખી શકાય ને લખાવું જોઈએ એ વિચાર મુખ્ય છે. ભૂગોળના શિક્ષણ ખાતર લખાયેલી ચોપડી આ માળામાં ન આવી શકે છતાં ‘રોજનીશી’ આવી શકે; ‘ગુજરાત–મહારાષ્ટ્ર’ આવી શકે, ‘ગિરિશિખરો’ આવી શકે, શાકભાજીના જ્ઞાનની ચોપડી નહિ પણ ‘વાડામાં’ આ માળામાં પરોવી શકાય. ‘છેટાં રહેજો, માબાપ’ જેવી અંત્યજોદ્ધારની સામાજિક ચોપડી સાહિત્યની કૃતિ હોવાથી જ માળામાં સ્થાન પામી શકે. મારી દૃષ્ટિએ શ્રી ગિજુ-ભાઈ અને શ્રી જુગતરામભાઈના લખાણમાં એ વિશેષતા છે. તેમણે નાની મોટી ‘ચાલણગાડીઓ’, ‘મોટી બહેન’ ને ‘લેરું’ કાઢયાં તેમાં જ હંમેશના ચીલાની બહાર પગલું

મૂક્યું. એમની એ વાચનમાળા વાંચીએ ત્યારે પહેલો જ વિચાર આવે છે કે બીજી 'પાઠચપુસ્તક વાચનમાળા' હોય છે જ્યારે આ 'સાહિત્ય વાચનમાળા' છે.

સ્વદેશપ્રેમીઓને કદાચ આ માળામાં ક્યાંઈ રાષ્ટ્રીયતા જણાશે નહિ. પણ રાષ્ટ્રીયતાની અમારી કલ્પના જુદી છે. 'મારો દેશ; મારો દેશ' કરીને સાચો દેશપ્રેમ કેળવાતો નથી, કારણ 'દેશ' એ માત્ર એક ભાવનાત્મક, (abstract) વસ્તુ બને છે. એને બદલે દેશ એટલે શું તે જ કહી દઈએ તો તેના પરિચયની સાથે પ્રેમ કેળવાય છે.

મારો દેશ એટલે મારાં દેશનાં મારાં ખેતરો, મારા દેશની મારી ગાયોભેંશો, મારા દેશના મારા ખેડૂતો, મારા દેશના કુંભાર-લુહાર, મારા દેશના મારા ઢેડ-ભંગીઓ, મારા દેશના મારા નદી-ડુંગરા, મારા દેશના મારા પશુપક્ષીઓ, એ ભાવના જાગૃત થવી જોઈએ. મારે કોના ઉપર પ્રેમ કરવાનો છે તેની ખબર ન હોય, મારો દેશ એટલે શું છે એની કલ્પના ન હોય, ત્યાં દેશ ઉપરનો દેશપ્રેમ ઊંડો ને હૃદયમાંથી જાગેલો જ હોય નહિ. આ માળા પાછળ આ બીજા પ્રકારની દૃષ્ટિ રહેલી છે. બેશક તાત્કાલિક મહત્ત્વના અથવા આજના ચાલુ પ્રશ્નોને સ્થાન નથી, ને બાળદુનિયામાં તેની જરૂર પણ નથી. રાષ્ટ્રીય ભાવનામાં ચિરંજીવ અને બાલમાનસ ઉપર ઊંડી છાપ પાડનાર તત્ત્વો આ માળામાં છે.

વાર્તાપ્રેમીઓને માળામાં વાર્તાને–તેમાં યે તરંગી કે પરીઓની વાર્તાને કાંઈક ઓછું સ્થાન દેખાશે. વાર્તા ધ્યાન

બહાર રહી ગયેલી નથી, પણ અમારી બાળવાર્તાઓના પાંચ ભાગ પ્રગટ થઈ ચૂકેલા હોવાથી જે પ્રકાર બાળકો માટે અમે બહુ જ પસંદ કરીએ છીએ તે પ્રકારની વાર્તાઓ માળા-માંથી બાદ થઈ ગઈ. બાળવાર્તાની વાર્તાઓમાં બુદ્ધિની ચમક સાથે ગમી જાય તેટલી અદ્‌ભુતતા પણ છે ને વાસ્તવિકતા પણ છે, વિનોદ છે ને સામાજિક ફટકા પણ સારી રીતે છે. તેની આગળની એટલે જરા લાંબી વાર્તા સામાન્યતઃ કિશોર-વાચનને લાયક હોવાથી બને તો બાળવાર્તાની જેમ કિશોર-કથા તરીકે બીજા ભાગો નીકળી શકે. ‘ રૂપસિંહ ને રામસિંહ કે ‘ હજામડી ’ ની વાર્તાઓ કાંઈક આ જાતની છે. ‘ મકનો ને રાક્ષસ ’માં અંગ્રેજી વાર્તા ઉપરથી ઉતારેલી અદ્‌ભુત વાર્તાના નમૂના છે. કાંઈક શૂરાતન સાથે – માણસાઈ સાથે જોડાયેલી અદ્‌ભુત વાર્તા અમને ઠીક લાગે છે. તેની અદ્‌-ભુતતા સામે કે તરંગીપણાની સામે અમારો બહુ વાંધો નથી. પણ કેટલીએક વાર્તાઓ નિર્બળ કે આળસુ ને તરંગી હોય છે. દાખલા તરીકે એક કન્યા હોય; તેને પરી આવીને રાજમહેલ ને બાગબગીચા બનાવી આપે છે, હીરામોતીનાં ઘરેણાં આપે છે ને થોડીએક મુશ્કેલી પછી કોઈ અદ્‌ભુત રીતે સુંદર રાજપુત્ર સાથે પરણાવી દે છે; ખાય પીએ ને મોજ કરે છે. તે પ્રકારની વાર્તા અમને તંદુરસ્ત લાગતી નથી. જેનામાં કર્તૃત્વ ન હોય, હું કાંઈક કરીશ એવી ઉમેદ ન હોય, તેઓના પડયાં પડયાં કરવાના આ તરંગો છે. એ વાર્તાઓ “તળાવકા ઘી બનજાવે, ઔર પત્તેકી રોટી

બનજાવે, તો બંદા ઝબોળ ઝબોળકે ખાવે.” એ નમૂનાની શેખચલ્લી વાતો છે. તરંગ તરંગમાં પણ ફેર છે. કોઈ વૈજ્ઞાનિક તરંગો હોય છે; ‘ રખડુ ટોળી ’ એ જાતના તરંગની એક તંદુરસ્ત વાર્તા છે. કોઈ કવિતરંગ હોય છે; ‘ તમે બનો સાગર પ્રભુ, હું બનું મચ્છીયાં રે ’ એ આ પ્રકારનો તરંગ છે. કોઈ શેખચલ્લીતરંગ પણ હોય છે. સાહિત્યમાંથી આપણે શેખચલ્લીતરંગને સાદર ધક્કો મારીએ, તેમ અવૈજ્ઞાનિક તરંગને પણ ધક્કો મારીએ; કાવ્ય રહિત તરંગોને પણ ધક્કો મારીએ. કાવ્યમય હોવા છતાં શેખચલ્લી હોય અથવા અવૈજ્ઞાનિક હોય તોપણ તેને ન જ રાખીએ. એવા તરંગી કે અદ્‌ભુત સાહિત્યને બાલસાહિત્યમાં સ્થાન છે—મર્યાદા પણ છે; તેમ જ આખા સાહિત્યમાં પણ તરંગી સાહિત્યને પણ અમુક જ સ્થાન હોય. એંશી ચોપડીઓમાં બેપાંચ એ જાતની હોય ને પંચોતેર બીજી હોય તો હરકત નહિ; પણ પંચોતેર તરંગી વાર્તાઓ હોય એવું પ્રમાણ આસ્તે આસ્તે ન આવી જાય તેનું ધ્યાન રાખવું ઘટે.

ભાષામાં કાઠિયાવાડી તત્ત્વ વધારે છે એ ફરિયાદ ઘણી જગ્યાએથી આવી છે. માળાના મારા સિવાયના લેખકો કાઠિયાવાડમાં જન્મેલા ને ઊછરેલા હોય તો બીજા શું થાય? બાલસાહિત્યમાં નવો ચીલો પાડવો હતો, નવા જ વિષયો લખવા હતા, એટલે નવા શબ્દો શોધવા રહ્યા. લેખકો તે પોતાના શબ્દભંડારમાં નહિ તો ક્યાં શોધવા જાય? ગુજરાત તેને અપનાવી લે અને પોતાના શબ્દો તથા પ્રયોગો કાઠિયા-

વાડને આપે, અને એમ કરી ગુજરાત–કાઠિયાવાડ હવે પછી ભાષામાં એક જ કાં ન થઈ જાય ? વાચકોને એટલી ખાતરી સો ટકા આપીએ કે કાઠિયાવાડી ભાષાના વૃથા અભિમાનમાં કે આગ્રહમાં કે ગુજરાતને મૂંઝવી નાખવાની દૃષ્ટિએ એકે શબ્દ વપરાયેલો નથી. હવે શબ્દોના અર્થ આપવાનું શરૂ કર્યું કે તેથી એ મૂંઝવણ પણ ટળી હશે.

આ માળાના જન્મની પાછળ એક બીજી પણ વાત છે. સૌ જાણે છે કે અમે કેળવણીવિષયક અમુક સિદ્ધાંતોમાં માનવાવાળાં છીએ તે સિદ્ધાંતો ઉપર જ અમારું બાલમંદિર ચલાવીએ છીએ. અર્થાત્ અમારાં બાળકોને તે સિદ્ધાંતોમાં પોષક અને વિરોધી નહિ એવું બાલસાહિત્ય પૂરું પાડવાનું રહ્યું. એ દૃષ્ટિએ આ માળાનું આખું સંપાદન ને લેખન થયેલું છે. અમે શિક્ષા–ઇનામ કે ભય–લાલચથી વિકાસ ઘડાવી લાવવામાં માનતાં નથી, માટે તે જાતનું સાહિત્ય (ભાષા કે શબ્દ પણ) અમારાં બાળકો આગળ મૂકવાના વાંચનમાં અમને ખૂંચે તે સ્વાભાવિક છે. તેથી અમારી માળામાં તો અમે તેવી ભાષાનો સદંતર ત્યાગ કર્યો છે. અમે સ્પર્ધાનો ત્યાગ કર્યો છે. અમે સ્પર્ધામાં માનતાં નથી; તેમાં ચડસાચડસી ને ઈર્ષ્યાનું બીજ અમે જોઈએ છીએ; તેમાં તણાઈને બાળક સ્વાભાવિક શક્તિથી વધારે પડતું કરીને પાછળથી થાકી જવાનું છે; નકામી ભાંજગડમાં પડી સાધ્ય વસ્તુને ક્યાંઈક ભૂલી જવાનો સંભવ અમે જોઈએ છીએ; બાળક બાળક વચ્ચે પ્રેમભાવ સદ્‌ભાવ, અભ્યાસમાં સહકાર, સાથે મળી આગળ વધવાપણું વગે-

રેનો નાશ, ને તેને બદલે નકામી ઘુરકાઘુરકી, દોષ જોવાપણું ને દોષ કાઢવાપણું જોઈએ છીએ. તેથી અમારી શિક્ષણપદ્ધતિમાંથી અને અભ્યાસ, રમતગમત તેમ જ કોઈ પણ પ્રવૃત્તિમાંથી સ્પર્ધાની ગંધ પણ કાઢી નાખીએ છીએ. ત્યારે તેની ગંધ સાહિત્યમાં અમને કેમ ખપે? માળામાંથી સ્પર્ધાતત્ત્વને પણ નાબૂદ કરવામાં આવ્યું છે.

અમે અમારા શિક્ષણના સિદ્ધાંત પ્રમાણે ઉપદેશ કે બોધ કરવાની જરૂર જોતાં નથી, તેથી બોધ લેવાની ભલામણ પણ અમે માળામાં કરતાં નથી. બાળક રસપૂર્વક વાંચે, ફરી ફરીને વાંચે, એટલું જ અમારે માટે બસ છે. વાચનમાં તેને માટે કાંઈ પણ બોધ રહેલો હશે તો તે તેનામાં આરપાર ઊતરી જ જશે; ને તેને માટે તેમાં કાંઈ નહિ હોય તો આપણા કહેવાથી તે તેમાંથી કાંઈ પણ બોધ લઈ શકવાનું નથી. અંદરથી જેની જે જે જરૂરિયાત હોય, જેની જેટલી તૈયારી હોય, તે તે પ્રમાણેનું સાહિત્ય મનુષ્યને સ્પર્શે છે. ગ્રહણ કરવાની સ્થિતિમાં હોય એવું માનસ તો તમે ગ્રહણ કરવાનું ન કહો તોપણ પકડી લે છે, ને એવી સ્થિતિમાં ન આવેલાને ગમે તેટલું કહો તોપણ ઊંધા ઘડા ઉપર પાણી રેડવા જેવું છે. હજારો બાળકો વાંચે તેમાં કોઈને 'બુદ્ધિચરિત્ર'નું ગૌરવ ઊંડેથી સ્પર્શી જાય, કોઈને વળી 'તીરંદાજ' નાં બાણો જ આરપાર વાગી જાય તો કોઈને 'હરિશ્ચંદ્ર' કે 'ચેલૈયા' ના તેજસ્વી સતનો કારી ઘા લાગે, એ સંભવનીય છે. પણ બધાને

અમસ્તું અમસ્તું કહેવું કે "માટે છોકરાંઓ ! અસત્ય ન બોલવું. જુઓ, હરિશ્ચંદ્રે સત્ય માટે કેવું અઘોર તપ કર્યું ? તે ઉપરથી તમે શો બોધ લેશો ? સાચું બોલવું; ગમે તે થાય તોપણ સાચું બોલવું." એ અમને નીતિશિક્ષણની દૃષ્ટિએ કેવળ નિરુપયોગી લાગે છે, અને સાહિત્યકૃતિ તરીકે તો તે કઢંગું છે જ. નીતિની દૃષ્ટિએ જે જે ભવ્ય છે, ઉદાત્ત છે, સુંદર છે, તે તેવા સ્વરૂપમાં ચીતરીએ એટલું બસ છે. ધર્મનીતિની વાત એવી છે કે તે કોઈની દીધી દેવાતી નથી ને લીધી લેવાતી નથી. પણ અહીં એની સિદ્ધાંત-ચર્ચામાં ન ઊતરીએ.

નીતિના ઉપદેશની જરૂર નથી એનો અર્થ એમ તો નથી જ કે ગમે તેવું સાહિત્યનિર્માણ બાળક આગળ ધરીએ. નીતિ-અનીતિનો, ધર્મ-અધર્મનો અથવા સુંદર-અસુંદરનો વિચાર જ કરવાની જરૂર નથી એમ પણ નથી. એ દૃષ્ટિએ તો અમે કાંઈક ચીકણાં પણ છીએ એમ કોઈ કહે તોપણ ખોટું નથી. બાળકો આગળ ઉદાત્ત ભાવનાવાળું જ સાહિત્ય મૂકવાનું અમે પસંદ કરીએ છીએ. જેમ કલાની સાચી દૃષ્ટિ ખીલી હોય તો કલાને હણનારી નાની એવી વસ્તુ પણ આંખને ખૂંચે છે–અસહ્ય લાગે છે, તેમ જ નીતિની બાબતમાં પણ છે. ધાર્મિક ને નૈતિક દૃષ્ટિ હોય છે; એ ખીલે, એ વિકસે, એ પોષાય એવું વાતાવરણ રાખવાનું કામ આપણું છે.

શિક્ષણસિદ્ધાંત અનુસાર અમે બાળકોની સાથે કાલાં-

કાઢવાં, તેમને ખાલી ખાલી લડાવવાં, હુલાવવાં-ફુલાવવાં કે નચાવવાં-રમાડવામાં માનતાં નથી. તેઓ આત્મસન્માન ધરાવતી એવી સ્વતંત્ર વ્યક્તિઓ છે. આપણને તે મિત્ર માનીને આપણી સાથે દોસ્તી કરે માટે જો આપણે તેમને રમકડાં તરીકે વાપરવા લાગીએ અથવા હુલાવવા-ફુલાવવા લાગીએ તો તેમને અપમાન લાગે એ સ્વાભાવિક છે, અને યોગ્ય છે અમારી માળામાં આવા બધા પ્રકારો નીકળી ગયેલા દેખાશે. તેમની સાથે ભલે તેમની કક્ષાએ રમતગમત ને આનંદવિનોદ થાય તે વાત જુદી છે. વળી ઢીંગલી ને ઢીંગલીની આસપાસ કેટલીયે રમતો ને તેવી જ બીજી તરંગી રમતો ને એવું જે એક નિષ્કારણ તરંગી વાતાવરણ બાળકોની આસપાસ ખડું કરવામાં આવે છે, તેને લગતું સાહિત્ય બનાવવામાં આવે છે, અને તેને જ સાચું બાલસાહિત્ય ગણવામાં આવે છે, ( જેમકે ' ઢીંગલીનો જન્મદિવસ ' કરીને પાઠ લખાય, ને ઢીંગલીનાં કપડાંનું વર્ણન ને તેના વાળ ને આંખ ઉપર ગાયન ને એવું એવું કેટલુંય અંગ્રેજી સાહિત્ય ને તેના અનુકરણમાં દેશી સાહિત્ય આપણે જોઈએ છીએ. ) તેના કરતાં અમે તો ઓળી ઝોળીનો પાઠ કે જેમાં નાના ભાઈનું સાચેસાચ નામ પાડવાની વાત આવે, જે બાળદુનિયાને હમેશના અનુભવી વાત છે, તે મૂકવાનું પસંદ કરીએ. ઢીંગલીને ખોટું ખોટું ખવરાવે ને લડાવે તે કરતાં ' ટીકુનું ગલુ ' ' ડિક ' અથવા ' મોતિયા 'ની સાથે બાળક રમે ને કૂદે

તે અમે પસંદ કરીએ છીએ. તેથી તેવા સાહિત્યનો અભાવ ને તેની જગ્યાએ બાળદુનિયાની તે વર્ગની તંદુરસ્ત વાતો મૂકી છે.

હવે ટૂંકામાં આ માળાનું વર્ગીકરણ કરીને કથન પૂરું કરીએ.

પહેલો જ વિભાગ પૌરાણિક સાહિત્યનો આવે છે. આપણાં પુરાણો તો વાર્તાઓનો ભંડાર છે. રામાયણ, મહાભારત તો આખાં ને આખાં જ બાળકો માટે લખાવાં જોઈએ. આ માળામાં તો તેમાંથી એકાદ બે વાતો ગૂંથી છે. 'ગણપતી બાપા' ને 'હરિશ્ચંદ્ર' તથા 'ચેલૈયો' ને 'ગોપીચંદ' એ મધ્યકાલીન અર્ધ પૌરાણિક જેવી વાર્તાઓ પણ શૈલી કે ઢબમાં પહેલા જ પ્રકારમાં જાય તેવી છે.

માળાનો મોટો ભાગ અમે બે વિષયોને આપ્યો છે, કારણ તે પ્રકારના સાહિત્યની આપણે ત્યાં ખાસ ખોટ હતી એમ અમને જણાયું હતું. એક વિભાગ વિજ્ઞાન અથવા બાળકોની દૃષ્ટિએ ગણીએ તો કુદરતપરિચયનો લગભગ અઢાર જેટલી ચોપડીઓ ચોખ્ખી રીતે આ વિભાગમાં પડે તેવી છે; એ સિવાય પાઠોની અંદર એ જાતની વાતો આવે છે તે જુદી. કબાટ, ક્યાંથી આવ્યાં, ગધેડું, ચીડિયાખાનું, મહાસભાઓ, મોટા પાઠો, ભોં ભોં ભોં, કુદરતમાં, મોતિયો, મામાની જાળ્ય, વાડામાં, મારી ગાય, પૂછડું, ઓતરાતી દીવાલો ૧-૨, આપણે પોતે,

સાજા રહીએ, એમ કેમ ?' એ ઉક્ત વર્ગમાં આવે. પૈકી 'મામાની જાળ્ય' માં વહેમાયેલી બુદ્ધિ ચોખ્ખી વૈજ્ઞાનિક કેમ બની શકે તેની વાત છે. 'આપણે પોતે' એ બાળકોનું નાનું એવું શરીરશાસ્ત્ર છે અને 'સાજા રહીએ' એ તેમનું આરોગ્યશાસ્ત્ર છે. વિજ્ઞાનમાં આ બે શાસ્ત્રોને અમે પ્રથમ જરૂરનાં માનીએ છીએ. બીજા બધામાં પશુ-પક્ષી, જીવડાં, ફૂલ, પાન, ઝાડ, ફળ વગેરેનો પરિચય છે. વૈજ્ઞાનિક માહિતી આપનાર છતાં ચોપડી સાહિત્યની ગણાઈ શકાતી હોય તો જ આ સાહિત્યમાળામાં લેવી એવો સામાન્ય નિયમ અમે રાખ્યો છે. બાળકો તેમાંથી માહિતી એકઠી કરીને જ્ઞાની બને તેનો અમને મોહ નથી. જો તેઓ અમે બતાવેલ રસ્તે જઈને કુદરતને જોવા લાગે, ને અમે આપી છે એથી કેટલી યે ગણી માહિતી મેળવવા નીકળી પડે. કુદરતની સાથે ગાઢ દોસ્તી બાંધી પોતાની મેળે જ તેની ઉઘાડી છતાં આંખ કાન નહિ હોવાથી સંતાયેલી ગુપ્ત લાગતી વાતો શોધી કાઢે, તો અમે ખુશી થઈશું. તેમને થોડાં ઘણાં પણ વૈજ્ઞાનિક બનાવી શક્યાં હોઈએ તો અમે સફળ થયાં ગણીશું. તેમનામાં વૈજ્ઞાનિક શોધખોળની થોડી પણ જિજ્ઞાસા ઉત્પન્ન કરી હોય તો યે અમને સંતોષ થશે.

બીજો અમારી આ દૃષ્ટિએ એવો જ મહત્ત્વનો વિભાગ મનુષ્યજીવનના પરિચયનો છે. ગામડામાં મળજો, મારા ગોઠિયા, ઘરમાં, આંગણામાં, શેરીમાં, દાદા દર્શને, સવા-

રથી માંડીને, ધોળીડો ધુએ છે, છેટાં રહેજો માબાપ, એટલી ચોપડીઓ આ વિભાગમાં આપી શક્યાં છીએ. અત્યારની આપણી એકંદર જીવવાની પદ્ધતિથી આપણે પોતાનાં સામાજિક પડોની આસપાસ જોતાં જ નથી. બ્રાહ્મણ હોય તેનાં છોકરાં બે શેરી ઓળંગીને પણ બીજા બ્રાહ્મણને ઘેર જાય છે, બ્રાહ્મણનું જીવન તે જુએ છે; પણ પડખે રહેનાર વાણિયો શું કરે છે, બે પગલાં આગળની દુકાનમાં મોચી શું કરે છે ને ઘાંચી આ તેલ ક્યાંથી કાઢે છે, એ સહૃદયતાથી જોવાની – મૈત્રીથી જોવાની આપણને ટેવ નથી. આપણું જ કામ કેટલાં ય કરી જાય છે અને તેમનું જીવન પણ આપણા જેવું જ જીવતું છે, તેઓ પણ જીવતાં મનુષ્યો જ છે, એનું આપણને જાણે ભાન જ નથી. આપણને ત્યાં ધોબી કપડાં ધોઈને મૂકી જાય છે, પાણીવાળો પાણી ભરી જાય છે, શાક વાળાં શાક વેચવા આવે છે, દૂધવાળાં દૂધ દેવા આવે છે; આપણે તેમના જીવનથી તો સો ગાઉ દૂર ને દૂર રહીએ છીએ. આપણું વાચન આપણને કાંઈક તેમની પાસે લઈ જાય, તેમના જીવન સાથે પરિચય કરાવે ને તેથી આપણી દૃષ્ટિ ઊઘડે, તો આપણા પોતાના પડમાં પણ આપણે વધારે વિશાળ દૃષ્ટીએ જીવી શકીએ, આપણું સંકુચિત જીવન કાંઈક વિશાળ બને, અને આપણી લાગણીઓ કાંઈક વિસ્તૃત બને, આજે તો આપણે એટલાં સંકુચિત છીએ કે અત્યંજો, કે લુહાર-કુંભાર કે કણબી-માળી, કે વાણિયા-ક્ષત્રિયથી દૂર

છીએ એટલું જ નહિ જો બ્રાહ્મણ હોઈએ તો એક બ્રાહ્મણની જ્ઞાતિ બીજી જ્ઞાતિ તથા તેની રીતભાત વિષે કાંઈ જાણીતી નહિ હોય! આ વિભાગ અમને આજની તેની જરૂરિયાતની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનો લાગે છે.

ચોથો વિભાગ કે જેની કંઈક વિશેષ ચોપડીઓ આપી છે તે ભાષાશિક્ષણનો છે. શબ્દપોથી, વાક્યપોથી, ચિઠ્ઠીપોથી, નાના પાઠો, ગધેડું ને ઘોડું, કહેવતોનાં મૂળ, જોડકણાં, કહેવતસંગ્રહ, વ્યાકરણપોથી, વરતસંગ્રહ, રમત જોડકણાં, દુહા ને સોરઠા, આ બધી ચોપડીઓ ભાષાના પરિચય અને અભ્યાસની દૃષ્ટિએ છે. અમારી માળા સાહિત્યમાળા હોઈ આ વિભાગ તો હોવો જ જોઈએ. તે વિષે અમારે ખાસ કાંઈ કહેવાનું નથી. બાળકો તે વાંચે અને પરિચય મેળવે તથા પોતાની ભાષાને સમૃદ્ધ બનાવે એટલું બસ છે. આના પરથી કોઈ વ્યાકરણ કે કહેવતો શીખવવા બેસી ન જાય એટલી જ અમારી વિનતિ.

પછીનો વિભાગ વાર્તા ને પાઠોનો છે. હંસ અને હંસા, તીરંદાજ, નાની વાતો, મંગેશનો પોપટ, પીરૂ અને–, જુગતરામના પાઠો, છાણાં થાપી આવ્યાં, કમળાબેનના પાઠો, બાળકોના લેખો, છેલ્લો પાઠ, એટલી ચોપડીઓ આ વિભાગમાં આવે છે. આમાં વાર્તા કરતાં પાઠો જ વધારે છે. એકંદર માળામાં વાર્તાઓ કેમ ઓછી છે તેનું કારણ આગળ કહેવાઈ ગયું છે; તે સિવાય આ વિભાગમાં ચોપડીઓ ઓછી દેખાય છે તેનું કારણ જુદા જુદા વિભાગની વાર્તાઓ તે તે વિભાગમાં

વહેંચાઈ ગઈ છે તે છે; જેમકે પૌરાણિક વિભાગની તેમાં ગઈ; લોકવાર્તા તેના વિભાગમાં ગઈ. અમારા તરફથી વાર્તાની હિમાલયત રૂપે એટલું બધું લખાઈ ગયું કે બાલસાહિત્યમાં વાર્તાનું સ્થાન અમે શું આંકીએ તે સ્પષ્ટ જ છે. એટલે માળામાં વાર્તા થોડી ઓછી દેખાય તેની અમને બીક નથી.

પાઠોનું સાહિત્ય મને લાગે છે કે વાચનમાળાઓ લખાઈ ત્યારથી ઉત્પન્ન થયું હશે. પરંતુ તે વખતે પાઠોની સાહિત્ય–વિષયક બાજુ તરફ બહુ ધ્યાન અપાતું હતું એમ લાગતું નથી. છતાં ઘણા પાઠો સાદી સરળ શૈલીમાં તો ચાલ્યા આવતા. શ્રી જુગતરામની પાઠોની શૈલી સરસ છે એમ તેમના પાઠો વાંચીને સૌ કોઈને લાગશે. પાઠોમાં બાળદુનિયાનું નવું નવું વસ્તુ શોધીને લખી શકાય છે. નવી વાર્તા રચીને લખવી અઘરી છે; પણ નવા પાઠો સફળતાપૂર્વક લખી શકાય છે. એક રીતે આ મનુષ્યજીવનના પરિચયની બધી ચોપડીઓમાં શ્રી ગિજુભાઈએ જુદા જુદા પાઠો જ લખ્યા છે. પાઠોના વસ્તુનો એક નવો જ ભંડાર તેમને હાથ લાગ્યો કહેવાય. તેઓ 'રૂડી કોળણ', 'ગગો કુરો' ને 'મગનો' એને બાલવાચનના સરસ વિષયો બનાવી શક્યા છે. બાળકો તો વાંચીને હરખાય જ, પરંતુ રૂડી કોળણ પણ જો જીવતી હોય તો તે સુધ્ધાં પોતાનું વર્ણન વાંચી ખુશી થાય.

બીજા મહત્ત્વના વિભાગો કે જેમાં થોડું એક અમે આપી શક્યાં છીએ તે ભૂગોળ અને વિનોદચાતુર્ય છે. બાળપ્રવાસો, આફ્રિકા સાંભર્યું, ફરવા જઈએ, રોજનીશી,

ગિરિશિખરો ને ગુજરાત–મહારાષ્ટ્ર એટલું ભૌગોલિક સાહિત્ય છે; અને બાળકોનો બીરબલ, જરા હસો, ગપગોળા, રામજીભાઈ પડી ગયા, ને વિનોદટૂચકાને વિનોદ-ચાતુર્યમાં મૂકી શકાય છે.

ખરી રીતે ભૌગોલિક સાહિત્યમાળા, ઐતિહાસિક-સાહિત્યમાળા વગેરે જુદી જુદી માળાઓ હોય એટલું સાહિત્ય એ વિષયોમાં પડયું છે; અને એવી માળાઓ થાય તે જરૂરનું પણ છે. આ માળામાં ઐતિહાસિક તો બે જ ચોપડીઓ આપી શકયાં છીએ; 'બુદ્ધચરિત્ર' અને 'શિવાજી મહારાજ' એ બંનેને ચરિત્રસાહિત્યમાં પણ ગણી શકાય.

બીરબલનું વિનોદી ને ચાતુર્યભર્યું સાહિત્ય તો આપણો જૂનો વારસો છે. ખરું વિનોદી સાહિત્ય ઉપજાવવું બહુ અઘરું છે. અમસ્તા મૂરખા બનીએ કે બનાવીએ ને હસીએ તે ઠીક; પણ અંદરથી હાસ્ય ફૂટી જ નીકળે, ગમે તે ઠેકાણે હો ને ગમે તેવી ગમગીનીમાં હો પણ હાસ્ય વગર રહેવાય જ નહિ, એવો વિનોદ અઘરો છે. આ માળામાં આવું ઉચ્ચ પ્રતિનું નવું ઉપજાવેલું વિનોદસાહિત્ય મૂકયાનો દાવો અમે નથી કરી શકતાં. છતાં સાધારણ બાળકો સાથેની નિર્દોષ ગમ્મત તો છે જ. બીજા વિભાગોમાં પણ વિનોદી શલી કે વચ્ચે હસી જવાય એવું ઘણી જગ્યાએ જડશે.

નાટકો, પત્રસાહિત્ય અને કાવ્યો, એ વિભાગો એકંદર સાહિત્યમાં જેમ બહુ પાતળા છે તેમ આ માળામાં

પણ તેવા જ છે. ઊભું હતું ઊભું હતું, કાળા હાથ કાળી દાઢી, અને કાવ્યસંગ્રહમાંથી પહેલાં એને કાવ્યમાં મૂકવાં કે કેમ તેનો ઘણાંને પ્રશ્ન થઈ પડે તેમ છે. હું તો તેમને કાવ્યવિભાગમાં મૂકું છું; તે નવાં વરતકાવ્યો છે.

'હજામડી' તથા 'રૂપસિંહ ને રામસિંહ' એ આપણી બે લોકવાર્તાઓ છે. 'મકનો ને રાક્ષસ' માં અંગ્રેજી ઉપરથી ઉતારેલી લોક–બાળવાર્તાઓ છે. આગળ કહ્યું તેમ એનો ભંડાર બહુ જ મોટો છે; માત્ર તે ચૂંટવાની શક્તિ ને યુક્તિ જોઈએ. સંક્ષિપ્ત સાહિત્યમાં અમે 'ઓતરાતી દીવાલો'ને એ વિભાગમાં ઉતારી છે. આપણે ત્યાં સંક્ષિપ્ત સાહિત્ય નથી એ વાત સાચી; પણ સંક્ષિપ્ત કરવા જેવી ચોપડીઓ પણ મહા મુશ્કેલીએ જડે છે. અંગ્રેજી કે બીજી ભાષા ઉપરથી ઊતરેલી ચોપડીઓમાંથી હજી કાંઈ કાંઈ જડે; પણ મૌલિક સાહિત્યમાં તો અમને બાલભોગ્ય વસ્તુ જડી નથી. શ્રી કાકાસાહેબની 'ઓતરાતી દીવાલો' એ રીતે બહુ જ સુંદર છે. એ ચોપડી તો અમને બહુ યોગ્ય લાગી છે. માત્ર શંકા રહે છે કે અમે એને માટે કેટલા યોગ્ય નીવડયાં છીએ.

સંગ્રહોનું કામ તો સંક્ષેપ કરતાં યે અઘરું અને માથાકૂટ કરાવે તેવું છે. આ માળામાં અમે છ સંગ્રહો મૂકયા છે: જોડકણાં, રમતજોડકણાં, કહેવતો, વરતો, મધ્યકાલીન કવિઓનાં કાવ્યો અને બાળકોના લેખો. આ સંગ્રહો પૂરેપૂરું સમાધાન આપે તેવા થયા છે એમ નથી કહી શકતાં, પણ તેને માટે

અમે મહેનત ઘણી લીધી છે. આ તો એક વાર ચાળણી વપરાઈ છે; પરંતુ તલ, રાઈ કે ખસખસ જેવા દાણા જેમ એક વાર ચાળવાથી સાફ નથી થતા તેવું જ આ સંગ્રહોનું છે.

આમ આ માળાને વિભાગેલી જોવામાં આવશે. ઘણા વિભાગો રહી પણ ગયા હશે ને ઘણાને પૂરતો ન્યાય પણ નહિ મળ્યો હોય, એ અમારા ધ્યાનમાં છે.

બાળવાચકોએ આ માળાને પ્રેમપૂર્વક વધાવેલી જોઈ ને અમારાં અંતર ઊભરાઈ આવે છે. માળા અમે પ્રેમથી ગૂંથી ને તેમણે પ્રેમથી પહેરી, તેથી વિશેષ રૂડું શું હોય ? તેમની ને અમારી વચ્ચે જે આ પ્રેમસંબંધ બંધાયો છે તેમાંથી આનાથી યે સુગંધી પુષ્પોની માળા ગૂંથવાની શક્તિ અમને મળશે એમ અમે આશા રાખીએ છીએ.

# શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

૮૦ પુસ્તકો

**સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન**

( વિગતવાર સૂચિપત્ર મગાવો )

*

૧ ગણુપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ–૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો–૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

## શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો

- ૩૭ જુગતરામના પાઠો
- ૩૮ ભોં ભોં ભોં
- ૩૯ ગધેડું ને ઘોડું
- ૪૦ દાદા દર્શને
- ૪૧ બાળનાટકો-૨
- ૪૨ સવારથી માંડીને
- ૪૩ કુદરતમાં
- ૪૪ મોતિયો
- ૪૫ રામજીભાઈ પડી ગયા!
- ૪૬ મંગેશનો પોપટ
- ૪૭ ધોબીડો ધુએ છે
- ૪૮ પીરૂ અને-
- ૪૯ છાણાં થાપી આવ્યાં
- ૫૦ મામાની જાળ્ય
- ૫૧ વાડામાં
- ૫૨ રોજનીશી
- ૫૩ બાળકોનો બીરબલ-૨
- ૫૪ છોટાં રે'જો માબાપ
- ૫૫ મારી ગાય
- ૫૬ કમળાબેનના પાઠો
- ૫૭ ગિરિશિખરો
- ૫૮ કાળા હાથ, કાળી દાઢી
- ૫૯ ખળાવાડ અને-
- ૬૦ પૂછું ?
- ૬૧ ઓતરાતી દીવાલો-૧
- ૬૨ ઓતરાતી દીવાલો-૨
- ૬૩ બુદ્ધચરિત્ર
- ૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
- ૬૫ જોડકણાં
- ૬૬ કહેવતસંગ્રહ
- ૬૭ હરિશ્ચંદ્ર
- ૬૮ એમ કેમ ?
- ૬૯ સાજા રહીએ
- ૭૦ વ્યાકરણપોથી
- ૭૧ વરતસંગ્રહ
- ૭૨ રમતજોડકણાં
- ૭૩ શિવાજી મહારાજ
- ૭૪ દુહા અને સોરઠા
- ૭૫ વિનોદ ટૂચકા
- ૭૬ બાળકોના લેખો
- ૭૭ આપણે પોતે
- ૭૮ કાવ્યસંગ્રહ
- ૭૯ છેલ્લો પાઠ
- ૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | |
|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ … … | સેટના … | ૧૦-૨૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ … … | ,, … | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) … | ,, … | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) … | ,, … | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) | ,, … | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) | ,, … | ૨૩-૫૦ |

| | | | |
|---|---|---|---|
| કિશોર કથાઓ ૧-૨ | ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો | ૨-૫૦ |
| રખડુ ટોળી … | ૫-૦૦ | ભગવાન બુદ્ધ … | (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | |
|---|---|---|
| મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) … | સેટના … | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) … | ,, … | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, … | ૫-૫૦ |

| | | | |
|---|---|---|---|
| શ્રીમદ્ લોકભાગવત | ૭-૫૦ | ભાગવતકથાઓ | ૩-૫૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| સાગરસમ્રાટ … | ૩-૫૦ | પાતાળપ્રવેશ … | ૨-૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ | ૬-૦૦ | ખજાનાની શોધમાં | ૨-૫૦ |

## પાંચ વિશિષ્ટ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ…લે૦ ધીરજલાલ ગજ્જર … | સેટના | ૮-૦૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ…લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭-૫૦ |
| કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) … | ,, | ૭-૫૦ |
| ટારઝન ૧ થી ૧૦…લે૦ શંકર શાહ … | ,, | ૧૪-૫૦ |
| સાહસકથાઓ ( ૨૫ પુસ્તકો ) — — | ,, | ૭૦-૦૦ |

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ